# અમને ધક્કો માર્યો હોત તો, રિપીટર છાત્રોમાં વસવસો

## ઉત્તર ગુજરાતમાં ધો.૧૦-૧૨ ના ૬૦૦૦ રિપીટર છાત્રો પરીક્ષા આપશે, પરીક્ષાનું સમયપત્રક જાહેર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

ધો.૧૦ અને ૧૨ ના રેગ્યુલર છાત્રોને કોરોનાના કારણે માસ પ્રમોશન મળ્યું પરંતુ રિપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોને માસ પ્રમોશન ન અપાતાં તેનો રોષ જોવા મળ્યો. ઉત્તર ગુજરાતમાં ધો.૧૦-૧૨ ના ૬૦૦૦થી વધુ રિપીટર છાત્રોને હવે કચવાતા મને તા.૧૫ જુલાઈથી શરૂ થતી પરીક્ષા આપવી પડશે. બોર્ડ દ્વારા પરીક્ષાનું સમયપત્રક જાહેર થયું છે.

દર વર્ષે જુલાઈ મહિનામાં ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં એક કે બે વિષયમાં નાપાસ થયેલા છાત્રોનું આખું વર્ષ ન બગડે તે માટે પરીક્ષા યોજાય છે પરંતુ બોર્ડના ઈતિહાસમાં પ્રથમવાર ધો.૧૦ અને ૧૨ ના છાત્રોને માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવાયો. રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન અપાય તો પછી રિપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોને માસ પ્રમોશનમાં અન્યાય કેમ..?? તેવા સવાલ ઉઠ્યા હતા. પરંતુ બોર્ડના કેટલાક નિર્ણયો વર્ષોથી ચોંકાવનારા હોય છે. આમાં પણ એવું જ બન્યું છે. રિપીટર છાત્રોને પરીક્ષા આપીને જ પાસ થવું પડશે. બોર્ડના નાયબ નિયામક(પરીક્ષા) દ્વારા તા.૧૫ થી ૨૮ જુલાઈ દરમ્યાન યોજાનારી રિપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારો માટેની પરીક્ષાનું સમયપત્રક આ સાથે જ જાહેર કર્યું છે.

**તા.૧૫ થી ૨૮ જુલાઈ દરમ્યાન પરીક્ષાનું આયોજન**

# હદ થઈ : દારૂ પછી હવે આંકડાનો જુગાર શરૂ

## બાયડમાં સમી સાંજે ખુલ્લેઆમ આંકડાનો જુગાર શરૂ, પોલીસ નત મસ્તક..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

બાયડમાં દારૂનાં હાટડાં પછી હવે છેલ્લા બે દિવસથી આંકડાનો જુગાર શરૂ થતાં અનેક પરિવાર બરબાદ થઈ જવાની દહેશત છે. બાયડના મુખ્ય માર્ગ ઉપર સમી સાંજે પકોડીની લારી પાસે આંકડાનો જુગાર ખેલાતો હોવાનો ૩૦ સેકન્ડનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં સનસનાટી મચી ગઈ છે. બાયડ પોલીસ દારૂ અને જુગારીયાઓ સમક્ષ કેમ નત મસ્તક થઈ..?? તે પ્રજાને સમજાતું નથી.



વિકાસની હરણફાળ ભરતા બાયડમાં અનેક બદીઓનો પણ જન્મ થઈ રહ્યો છે. ઠેર ઠેર દેશી-વિદેશી દારૂના સ્ટેન્ડ ખૂલી ગયા છે અને હવે બાયડ તેમજ કપડવંજના જુગારીયાઓ દ્વારા સારા મૂહર્તમાં આંકડાનો જુગાર શરૂ કર્યો છે. ગત રોજ આંકડાનો જુગાર લેતા ૪ ઈસમો પકોડીની લારી નજીક જોવા મળ્યા. કોઈ ચકોર નાગરિકે આંકડાના જુગાર પેટે પૈસા ગણવાનો વિડીયો ઉતાર્યા પછી સોશ્યલ મીડીયામાં વાયરલ કરતાં આ મામલે બાયડ પોલીસ હરકતમાં આવી ગઈ છે. બાયડ પોલીસ સ્ટેશનની આસપાસ જ એટલી હદે બદી વધી છે કે પોલીસની કોઈ ધાક જોવા મળતી નથી. આવનારા દિવસોમાં પોલીસ સામે દારૂ અને જુગારની બદીથી ત્રાસેલી મહિલાઓ મોરચો માંડી શકે છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા બાયડની ચારેય દીશાઓમાં વ્યાપેલી દારૂની બદી અને મુખ્ય બજારમાં શરૂ થયેલા આંકડાના જુગાર અંગે તપાસ કરાવી તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવાયેલા ખાખી વર્દીધારી કર્મચારીઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવાનો સમય પાકી ગયો છે.

# આદ્રા નક્ષત્ર : ઉત્તર ગુજરાતમાં પવન સાથે વરસાદનો પ્રારંભ થવાની સંભાવના

## જૈનોએ કેરીનો ત્યાગ કર્યો, કેરીના વેચાણમાં ઘટાડો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

ચોમાસા દરમ્યાન આદ્રા નક્ષત્રનું અનેક ઘણું મહત્વ છે. કુલ-૨૭ નક્ષત્ર હોય છે જેમાંથી ૧૧ નક્ષત્ર વરસાદના હોય છે અને પ્રારંભ જ આદ્રા નક્ષત્રથી થતો હોય છે. તા.૨૨ જૂનથી



આદ્રા નક્ષત્ર શરૂ થયું જેથી ઉત્તર ગુજરાતમાં પવન સાથે વરસાદનો પ્રારંભ થવાની સંભાવના વ્યક્ત થઈ છે. જ્યારે જૈનો પણ કેરીનો આદ્રા નક્ષત્રમાં ત્યાગ કરે છે. મંગળવારથી ઉત્તર ગુજરાતમાં કેરીના વેચાણમાં પણ ધરખમ ઘટાડો જોવા મળ્યો.

ઉત્તર ગુજરાતની પ્રજા મુખ્યત્વે ખેતી અને પશુપાલનના વ્યવસાય ઉપર નભતી હોય છે. સારૂ ચોમાસુ જાય તો ખેડૂતો વધુ સમૃદ્ધ બનતા હોય છે. આ વર્ષે સારા ચોમાસાની આગાહી વચ્ચે મે. મહિનામાં જ તાઉતે વાવાઝોડાના કારણે ઉત્તર ગુજરાતમાં દોઢ થી પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો ત્યારબાદ જૂન મહિનામાં પણ ઉત્તર ગુજરાતના મોટાભાગના તાલુકાઓમાં સારો વરસાદ વરસ્યો છે. ક્યાંક વાવણી લાયક વરસાદ વરસ્યા પછી ખેડૂતોએ વાવણી કાર્ય શરૂ કર્યું છે પરંતુ અનેક અભ્યાસુ ખેડૂતો આદ્રા નક્ષત્ર શરૂ થાય અને તેમાં વાવણી લાયક વરસાદ વરસે પછી જ ચોમાસુ ખેતીનો પ્રારંભ થતો હોય છે. તા.૨૨ જૂનના રોજ સવારે ૫-૪૦ કલાકે સૂર્યનો આદ્રા નક્ષત્રમાં પ્રવેશ જેને આદ્રા નક્ષત્ર તરીકે ઓળખાય છે. જૂન મહિનાના ત્રીજા સપ્તાહમાં આદ્રા નક્ષત્રનો ઉદય થતો હોવાનું જ્યોતિષ કહે છે. આદ્રા નક્ષત્ર શરૂ થયા પછી વરસાદી વાતાવરણ ઉભું થાય અને અસહ્ય ગરમી અને બફારામાં પીસાતી પ્રજાને રાહત થતી હોય છે તેવી એક માન્યતા છે. જ્યારે જૈન સમાજ અહીંસામાં માનતો હોય છે. ચોમાસા દરમ્યાન કેરીમાં જીવાતનો ઉપદ્રવ વધે જેથી જૈન સમાજ કેરીનો પણ ત્યાગ કરે છે. જ્યારે સાધુ-સાધ્વિ ભગવંતો પણ જીવ રક્ષા માટે વિહાર બંધ કરી ચાતુર્માસ સ્થાને પહોંચવાની તૈયારી કરતા હોય છે. મંગળવારથી આદ્રા નક્ષત્ર શરૂ થયું છે. ઉત્તર ગુજરાતના તમામ તાલુકાઓમાં વાવણી લાયક વરસાદ વરસે તેવી ખેડૂતોને અપેક્ષા છે.

# સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટનું અનોખું 'મિશન સ્વાભિમાન ૨૦૨૧' અભિયાન

ડીસા, તા. ૨૨

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ જુનાડીસા છેલ્લા ૧૧ વર્ષથી સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહી સેવાની સરવાણી વહાવે છે. કોરોના કાળમાં પણ સંસ્થા દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલી છે.જેમાં શરુઆતના તબક્કામાં ગ્રામ્ય વિસ્તારના અગ્રણીઓ જોડે વાતચીત કરી કેમ કરી કોરોનાથી બચી શકાય ? તે બાબતની લોકો સુધી સાચી સલાહ આપવામાં આવી હતી,સંસ્થા દ્વારા ઘણી બધી જગ્યાએ માસ્ક તથા સેનેટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ લોકોને ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું. આરોગ્ય -પોલીસકર્મી અને અન્ય સ્ટાફને સન્માનિત કરી તેમના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો હતો. તથા સેવાભાવી લોકો અને કોરોના વૉરિયર્સોને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. કોરોનાના કારણે હાલમાં મધ્યમ વર્ગના લોકો- યુવાનોને નોકરી ધંધા અને રોજગારી માટે પરિસ્થિતિ થોડી વણસી છે.ત્યારે લોકો સ્વમાનભેર પોતાની આજીવિકા મેળવી શકે તે બાબતને ધ્યાનમાં લઈ સંસ્થા દ્વારા 'મિશન સ્વાભિમાન ૨૦૨૧' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના છાત્રો માટે ગુજકેટની પરીક્ષાનું આયોજન

## આજથી આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન ભરાશે, રૂા.૩૦૦ પરીક્ષા ફી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના છાત્રોને માસ પ્રમોશન પછી કોરોનાનું સંક્રમણ ઘટતાં હવે ડીગ્રી એન્જીનિયરીંગ, ડીગ્રી ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ માટેની ગુજકેટ પરીક્ષાનું આયોજન બોર્ડ દ્વારા હાથ ઉપર લેવામાં આવ્યું છે. આજે તા.૨૩ જૂનથી ૩૦ જૂન દરમ્યાન પરીક્ષાનું આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ ઉપર ભરી શકાશે. ગુજકેટની પરીક્ષા ફી રૂા.૩૦૦ નક્કી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના ૨૬,૦૦૦ છાત્રો ગુજકેટની પરીક્ષા આપે તેવી ધારણા છે.

મેડીકલ અને ઈજનેરી શાખામાં નીટ અને જેઈઈ પરીક્ષા આવ્યા પછી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાતી ગુજકેટ પરીક્ષાનું બહુ મહત્વ રહ્યું નથી તેમ છતાં જેઓ મેડીકલ અને ઈજનેરી શાખામાં પ્રવેશ મેળવી શકતા નથી તેવા છાત્રો ગુજકેટ પરીક્ષા આપી ખાસ કરીને સ્વનિર્ભર અને ત્યારબાદ સરકારી કોલેજમાં પ્રવેશ મેળવે છે. આમ તો દર વર્ષે એપ્રિલ-મે. મહિનામાં ગુજકેટ પરીક્ષાનું આયોજન થતું હોય છે પરંતુ કોરોનાને કારણે આ વર્ષે ગુજકેટ પરીક્ષા યોજવા બાબતે બોર્ડ અવઢવમાં હતી પરંતુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ-૨૦૨૧ યોજવા માટે જાહેરાત કરવામાં આવી છે. જેમાં વિજ્ઞાન પ્રવાહના એ-ગૃપ, બી-ગૃપ અને એબી-ગૃપના ઉમેદવારો ગુજકેટની પરીક્ષા આપી શકશે. પરીક્ષા માટેની માહિતી પુસ્તિકા અને ઓનલાઈન આવેદનપત્ર ભરવાની સૂચનાઓ બોર્ડની માન્ય વેબસાઈટ ઉપર મૂકવામાં આવી છે. પરીક્ષા આપી ઉમેદવારે ક્રેડીટ કાર્ડ, ડેબિટ કાર્ડ, નેટબેન્કીંગ દ્વારા અથવા એસ.બી.આઈ.-પે ના, એસ.બી.આઈ. બ્રાન્ચ પેમેન્ટ ઓપ્શન દ્વારા દેશની કોઈપણ એસ.બી.આઈ. શાખામાંથી ભરી શકાશે.

# સલાલ ખાતે શાળા નંબર-૨ના નવીન મકાનનું વિધિવત ખાત મુહૂર્ત થયું



પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના સલાલ ખાતે શાળા નંબર-૨ના નવીન મકાનનુ ખાતમુહૂર્ત જિલ્લા કારોબારી અધ્યક્ષ વિપુલભાઈ પટેલ અને તાલુકા સદસ્ય દક્ષાબેન શર્માના હસ્તે કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજના સલાલ ખાતે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળાનુ મકાન છેલ્લા કેટલાય વર્ષોથી જર્જરીત થઈ જતા સાબરકાંઠા જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ વિપુલભાઈ પટેલ અને તાલુકા સદસ્ય દક્ષાબેન શર્માએ સરકાર મા રજુઆત કરતા સરકાર માથી આઠ રૂમનુ અધ્યક્ષ મકાનની શાળાની બાંધકામની મંજુરી મળતા શાળા પરિવાર દ્વારા શુભમુહૂર્તમાં જિલ્લા કારોબારી અધ્યક્ષ વિપુલભાઈ પટેલ અને તાલુકા સદસ્ય દક્ષાબેન શર્માના હસ્તે કરવામા આવ્યુ હતુ તો પ્રસંગે સરપંચ રાજુભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ દિપકસિંહ પરમાર, માર્કેટ યાર્ડના ચેરમેન રાજુભાઈ પટેલ, શાળાના આચાર્ય શાળા સ્ટાફ સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધનસુરાના રમોસ ખાતે નિવૃત કર્મચારી મંડળની બેઠક યોજાઈ

## સાથે માસ્ક વિતરણ અને વૃક્ષારોપણ કરાયું હતું



ધનસુરા, તા. ૨૨

ધનસુરાના રમોસ ખાતે નિવૃત કર્મચારી મંડળની બેઠક યોજાઈ હતી રમોસ ના શાંતિવન ખાતે જયંતિભાઈ પટેલના સૌજન્યથી ધનસુરા તાલુકા નિવૃત કર્મચારી ટ્રસ્ટ ની બેઠક યોજાઈ હતી જેમાં કારોબારી અને હોદ્દેદારોની સભા યોજાઈ હતી જેમાં જિલ્લા માંથી રેડક્રોસ સોસાયટી ના પ્રમુખ ભરતભાઈ ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ પટેલ ધનસુરા રેડક્રોસ સોસાયટીના પ્રમુખ મનસૂખભાઈ અને ગોવિંદભાઈ પટેલ સિનિયર સિટિઝન પ્રમુખ હાજર રહ્યા હતા જેમાં ધનસુરા પેન્શનર મંડળ ના વાર્ષિક હિસાબો તેમજ પ્રવૃતિઓની નોધ લેવાઈ સાથે રેડક્રોસ સોસાયટી તરફથી માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું સાથે રસી મૂકવાની મહત્વની બાબત પર ચર્ચા કરાઈ હતી રેડક્રોસ સોસાયટીની પ્રવૃત્તિ નો ચિતાર ભરતભાઈ દ્વારા આપવામાં આવ્યો હતો સમગ્ર સભાનું સંચાલન મંત્રી ગોવિંદભાઈ પટેલ એ કર્યું હતું પ્રમુખ હસમુખભાઈ પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને મંડળના કોષાધ્યક્ષ જે.સી.પટેલ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું

# પ્રાંતિજ ખાતે કાર્યરત બ્રિલિયન્ટ યુવક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ

## સમાજના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડીઓનુ વિતરણ : ૫ થી ૧૨ અને ઉચ્ચતર શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ચોપડાઓનુ વિતરણ : સમાજના દાતાઓના સહિયોગથી ૮૦૦ ડઝન ચોપડાઓનું વિતરણ





પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત બ્રિલિયન્ટ યુવક મંડળ પ્રાંતિજ દ્વારા સમાજના ૧૫૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડાઓનું વિતરણ કરવામા આવ્યુ. પ્રાંતિજ ખાતે કાર્યરત બ્રિલિયન્ટ યુવક મંડળ પ્રાંતિજ દ્વારા કોરોનાના કપરા કાળમા બાળકોના શૈક્ષણીક ઉત્કર્ષ હેતુથી શ્રી બાવનસો પગરણા વણકર સમાજના નોંધાયેલા ધોરણ-૫ થી ૧૨ અને ઉચ્ચશિક્ષણ મેળવતા ૧૫૦૦ થી પણ વધારે દિકરા-દિકરીઓને ૮૦૦ ડઝનથી પણ વધારે ચોપડાઓનું વિતરણ સમાજના દાતાઓના સહિયોગ થી કરવામા આવ્યુ હતુ તો દાતા પ્રવિણભાઈ એન.પરમાર, વિનોદભાઈ એમ.શ્રોફ, પ્રવિણસિંહ ગોહિલ સહિત યોગદાન આપનાર મંડળના સભ્યોનો સમાજના લોકોનો તથા આ અભિયાન માટે શરૂઆતથી અંત સુધી હરેશભાઈ જી. પલ્લાચર્યા ની નિઃસ્વાર્થ સેવા પ્રેરણાબદલ બ્રિલિયન્ટ યુવક મંડળના પ્રમુખ જશુભાઈ એચ. સુતરીયા, ઉપપ્રમુખ આર.જે.પરમાર, મંત્રી મનહરભાઈ એમ.પરમાર સહિત સભ્યો દ્વારા સમાજના દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# તાજપુર કૂઈ ઘર આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યો બાઈક ચોર ચોરી જતા પોલીસ ફરીયાદ

## પલ્સર બાઇક માલિક દ્વારા અજાણ્યા બાઇક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી : પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના તાજપુર કૂઈ ખાતે ઘર આગળ પાર્ક કરેલ પલ્સર બાઈક કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા બાઈક માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા બાઈક ચોરો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ તો પ્રાંતિજ પોલીસે ગુનોનોધી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી.

પ્રાંતિજ તાજપુર કુઈ ખાતે રહેતા ઉમીયા ટીબંસ શોમીલના માલિક પ્રવિણ ભાઈ રતિલાલ પટેલ ઉ.વર્ષ-૫૩ કે જેવો ની પલ્સર બાઈક નંબર GJ09- DH-0685 પોતાના ઘરની બાજુમા સેડ ની નીચે રાત્રીના સમયે પાર્ક કરેલ પલ્સર બાઈક રાત્રીના સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા બાઈક માલિક પ્રવિણભાઈ રતિલાલ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

# જન્મદિને વધામણી



પ્રકાશકુમાર ડી. પ્રજાપતિ
રડોદરા, તા.બાયડ



કિંજલબેન રાજ પટેલ
(ચમારપુર પ્રા.શાળા)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



જતિન ભીખાભાઈ પટેલ
ચોરીવાડ (અમદાવાદ)



હરેશકુમાર જે. પટેલ
(વિરલ ઓટો એજન્સી-બાયડ)
ધનસુરા, જિ.અરવલ્લી



પિનાકીનકુમાર એન. પટેલ
ધનસુરા, જિ. અરવલ્લી



નિલ સતિષભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



વસંતભાઈ પી. પટેલ
સાયરા (મોડાસા)

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**